શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત

# સમાધિતંત્ર અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ**

**પ્રશ્નપત્ર ક્રમાંક-૭ (કુલ માર્ક્સ-૫૦)**

અભ્યાસ ક્રમ – **સમાધિતંત્ર : ગાથા ૭૯ થી ૮૫**

પરીક્ષાર્થીનું નામ : ............................................................... ઉંમર : ......................

મંડળનું નામ : ................................................. ગામનું નામ : ......................

ફોન નં.: ..................................................... તા. ૧૫-૦૧-૨૦૨૧

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોના ઉત્તર સમાધિતંત્ર શાસ્ત્ર પર આધારિત આપવાના રહેશે.

**પ્રશ્ન-૧ : નીચેના ખાલી જગ્યા યોગ્ય વિકલ્પથી પૂર્ણ કરો.** ૧૦

(૧) ................ એ મુક્તિનું પ્રથમ પગથિયું છે, તેના વિના કદી મુક્તિ પ્રાપ્ત થાય નહીં. (સ્વાધ્યાય, ભેદવિજ્ઞાન, ધ્યાન)

(૨) સમ્યક્ત્વ વિના શુભભાવોને વ્યવહારથી ..............નામ પ્રાપ્ત થતું નથી. (ચારિત્ર, શ્રદ્ધા, રત્નત્રય)

(૩) અંતરાત્મા શરીરનાં વિનાશને આત્માથી ભિન્ન માને છે અને મરણના અવસરને એક વસ્ત્રને છોડી બીજા વસ્ત્રનું ગ્રહણ કરવાની જેમ સમજી પોતાને ............. માને છે. (ભયભીત, નિઃશંક, નિર્ભય)

(૪) શુભાશુભભાવ બંને ............ પરિણતિથી ઉપજ્યા હોવાથી કર્મબંધ અને સંસારનું કારણ છે. (વિભાવ, સ્વભાવ, કષાય)

(૫) હું ચૈતન્યમાત્ર સ્વભાવ છું એમ સ્વભાવની એકાગ્રતાના જોરે ..............નો અભાવ થઈ જાય છે. (કષાય, પાપભાવ, વિકલ્પ)

**પ્રશ્ન-૨ : નીચેનાં પ્રશ્નોનાં જવાબ એક જ શબ્દમાં આપો.** ૧૦

(૧) જ્ઞાની શુભભાવને ઉપાદેય માની સંતુષ્ટ થતો નથી પરંતુ શેના માટે ઉદ્યમી રહે છે ? ......................

(૨) ક્ષયોપશમરૂપ જ્ઞાન એક કાળમાં એક સાથે કેટલા જ્ઞેયને જાણી શકે છે ? ......................

(૩) આત્મા શરીરથી ભિન્ન છે એવું જાણવા છતાં જો તેનું ભાવભાસન ન થાય તો શું કાર્યકારી નથી ? ......................

(૪) સમ્યગ્દષ્ટિને સ્વરૂપના ગ્રહણ અને પરના ત્યાગની વિધિ વડે તેને નિયમથી જ્ઞાન સાથે શું હોય છે ?......................

(૫) ભેદવિજ્ઞાનની દૃઢ ભાવનાથી અંતરાત્મા શરીરાદિ પ્રત્યે કેવા ભાવે પ્રવર્તે છે ? ......................

**પ્રશ્ન-૩ : નીચેના પ્રશ્નના ''હા'' અથવા ''ના''માં જવાબ આપો.** ૧૦

(૧) દેહાદિમાં આત્મબુદ્ધિવાળો હવે પછીના ભવમાં મારો નીચ ગતિમાં જન્મ થશે એમ માની મરણથી ભયભીત થાય છે. ........

(૨) અવ્રતભાવોનો તેમજ વ્રતભાવોનો ત્યાગ કરવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. ........

(૩) સમ્યગ્દષ્ટિ શુદ્ધોપયોગરૂપ ન પરિણમે ત્યાં સુધી અશુદ્ધભાવથી બચવા શુભભાવમાં હેયબુદ્ધિએ વર્તે છે. ........

(૪) અશુભ વિકલ્પ સંસારનું કારણ છે અને શુભ વિકલ્પ મોક્ષનું કારણ છે. ........

(૫) ઉત્પ્રેક્ષાજાલ આત્માના દુઃખનું કારણ છે. ........

**પ્રશ્ન-૪ : નીચે આપેલ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.** ૧૦

(૧) શરીરાદિથી આત્મા ભિન્ન છે એ વાત ગુરુમુખે સાંભળવા છતાં શા માટે જીવ મુક્તિને લાયક બની શકતો નથી ?

(૨) ભેદવિજ્ઞાન મુક્તિનું પ્રથમ સોપાન કઈ રીતે છે ?

(૩) પુણ્ય અને પાપ બંને પ્રકારના ભાવો બંધના કારણ શા માટે છે ?

(૪) બહિરાત્મા મરણથી શા માટે ડરે છે ?

(૫) જે અંતર્જલ્પરૂપ વિકલ્પોની જાળમાં ફસાયેલ રહે છે તેને શા માટે સુખમય વીતરાગપદની પ્રાપ્તિ થતી નથી ?

**પ્રશ્ન-૫ : નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર ટૂંકનોંધ લખો.** **૧૦**

(૧) સમ્યગ્દૃષ્ટિને જગત ઉન્મત અને કાષ્ઠ—પાષાણવત્ ભાસે છે તે વિશે જણાવો.

(૨) અંતરાત્માને ક્યા પ્રકારની ભાવના હોય છે તે સંબંધિત સમજૂતી આપો.

(૩) વ્રત અને અવ્રત બંને ભાવ હેય કઈ રીતે છે તેની સમજૂતિ આપો.

ઉત્તરપત્ર મોડામાં મોડા તા. ૧૫-૩-૨૦૨૧ સુધી સોનગઢ પહોંચાડવા વિનંતી છે.